# ગુજરાત રાજય આચાર્ય સંઘ - ગાંધીનગર

સેકટર નં. ૧૧, 'ચ' રોડ, અભિષેક બિલ્ડીંગ, હોટલ હવેલી સામે, ગાંધીનગર

જાવક નં. ૩૨/૨૦૧૫-૧૬ તા.૦૬/૧૨/૨૦૧૫

પ્રતિ,
**શ્રી પ્રમુખશ્રી / મંત્રીશ્રી,**
જિલ્લા ઘટક સંઘ,
જિલ્લો : ..................

જયભારત સાથ જણાવવાનું કે તા. ૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધી આપના તરફથી સંપુર્ણ સહકાર મળેલ તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

મિત્રો સંઘને પણ બળવત્તર પુરૂં પાડવા આપના પુરા સહકારની જરૂર છે. તો આપ તેમાં પણ સમય, સહકાર આપી સંઘની પ્રવૃત્તિની વેગવંતી બનાવશો તેવી આશા.

વિશેષમાં જણાવવાનું કે આપણે પણ સાથે મળી અને આગામી ૪૬ મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન તેમજ આગામી વર્ષ તા. ૧-૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ ના વર્ષ માટેની થોડી તૈયારી કરવામાં લાગી જઈએ જેથી વહીવટી કાર્યમાં આપણને સરળતા રહે.

ઉપરોકત હેતુઓ સબબ આ પત્ર તૈયાર કરવામાં આવેલ છે. તમામ મિત્રો ઉત્સાહપૂર્વક સહકાર આપશો જેથી કરીને આપણું કાર્ય એકદમ સરળ બની શકે.

* **<u>૪૬ માં શૈક્ષણિક / વહીવટી અધિવેશનની પૂર્વ તૈયારી</u>**

(૧) દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ આપણે આચાર્ય સંતાનને પ્રોત્સાહન પુરૂ પાડવા માટેનું આયોજન કરેલ છે. તો આપના જિલ્લાના માર્ચ-૨૦૧૫ માં આચાર્ય સંતાન ધોરણ-૧૦ ત્થા ધોરણ-૧૨ સાયન્સ/સામાન્ય પ્રવાહની પરીક્ષાની માહિતી મોકલશો જે ધોરણ-૧૦, ૧૨ માં ૮૦% થી ઉપરના માર્ક હોય તેવા વિદ્યાર્થીની માહિતી મોકલાવશો. (PR નહીં પર્સનટેઈઝ લેવાના છે.) (૧) પરિણામ નકલ (૨) વિદ્યાર્થીના ફોટા સાથે મોકલાવવા.

(૨) તમારા જિલ્લામાં રાજય/રાષ્ટ્રીય પારિતોષિક આચાર્યની માહિતી મોકલવાની રહેશે જેમાં જે આચાર્ય મિત્રો જિલ્લા ઘટક સંઘના સભ્ય હોવા જોઈએ તેમજ રાજયની નવી કલ્યાણ નિધિના પણ સભ્ય હોવા જોઈએ તેમની જ આ માહિતી મોકલવાની રહેશે. આ માહિતી સાથે આચાર્યનો પુરો ડેટા ત્થા ફોટો પણ સાથે મોકલાવવાનો રહેશે.

...૨...

ઉપર મુજબની બન્નેમાહિતી મોકલવા માટેની શરતો

(૧) જિલ્લા ઘટક સંઘનો સભ્ય હોવો જોઈએ.

(૨) નવી કલ્યાણ નિધિનો સભ્ય હોવો જોઈએ.

(૩) સારસ્વત લવાજમ પણ ભરેલું હોવું જોઈએ.

ઉપરની માહિતી ઘટક સંઘના પ્રમુખ/મંત્રી દ્વારા મોકલવી, બારોબાર માહિતી સ્વીકારવામાં આવશે નહીં.

* આ અગાઉ જિલ્લાની શાળાની માહિતી મંગાવેલ છે જેમને મોકલાવેલ ન હોય તેવા ઘટક સંઘોની માહિતી નમુના મુજબના પત્રમાં મોકલી આપશો.

| જિલ્લાનું નામ | ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની સંખ્યા | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાની સંખ્યા | સરકારી માધ્યમિક શાળાની સંખ્યા | આર.એમ. એસ.એ. શાળાની સંખ્યા |
|---|---|---|---|---|

ઉપર મુજબના પત્રકમાં માહિતી તૈયાર કરી મોકલી આપશો. આ માહિતીની જરૂર એટલા માટે છે કે જેથી આપણને સારસ્વત અને નવી કલ્યાણ નિધિ યોજના વખતે ખ્યાલ આવે તેટલા માટે જરૂર છે.

* જિલ્લા ઘટક સંઘના પ્રમુખ/મહામંત્રીના ફોટા ત્થા તેમની જરૂરી માહિતી પણ આ સાથે મોકલાવશો. ઘરના સરનામા સાથે માહિતી મોકલવી તેમજ તમારા જિલ્લામાં રાજયના હોદ્દેદારોની માહિતી પણ સાથે મોકલવી સાથે કલ્યાણ નિધિ કન્વીનર તેમજ સારસ્વત મંત્રીની માહિતી પણ ફોટા સાથે મોકલવી.

* આગામી અધિવેશનને સારી રીતે સફળ બનાવવા માટે અગાઉથી જ જાહેરાતો પણ મેળવી લેવી જેથી સંભારણામાં વ્યવસ્થિત છાપી શકાય.

| <u>જાહેરાતના દર</u> | | <u>જાહેરાત કલેકશન કરવાનો ટાર્ગેટ</u> | |
|---|---|---|---|
| (૧) ફોર કલર પેઈજ આખું | ૧૧૦૦૦ | (૧) રાજયના પ્રમુખ | ૨૫૦૦૦ |
| (૨) લેસી પેપર આખું | ૫૦૦૦ | (૨) રાજયના મહામંત્રી | ૨૫૦૦૦ |
| (૩) લેસી પેપર અડધું | ૩૦૦૦ | (૩) રાજયના સંપાદક | ૨૫૦૦૦ |
| (૪) સાદુ પેપર આખું | ૨૦૦૦ | (૪) રાજયના તમામ હોદ્દેદારો | ૨૦૦૦૦ |
| (૫) સાદુ પેપર અડધું | ૧૦૦૦ | (૫) બોર્ડ મેમ્બરશ્રી | ૨૦૦૦૦ |
| | | (૬) જિલ્લાના ઘટક સંઘના પ્રમુખ/મંત્રીએ સાથે મળી | ૨૦૦૦૦ |

ઉપર મુજબની જાહેરાત કલેકશન કરવી.

* અધિવેશન ડેલીગેશન ફી નો પરિપત્ર ટૂંક સમયમાં મોકલવામાં આવશે જેની સાથે પહોંચ બુક પણ મોકલવામાં આવશે.

* ૪૬ માં અધિવેશન માટેનું સ્થળ, તારીખ ટૂંક સમયમાં જણાવવામાં આવશે.

ઉપર મુજબની માહિતી આગામી અધિવેશનની પૂર્વ તૈયારી માટે આપશ્રીને મોકલી રહ્યા છીએ. જેથી આપ પણ આપના લેવલે તૈયારી કરી શકો અને કામમાં આપને પણ સરળતા રહે તે માટે આ માહિતી માગી રહ્યા છીએ.

* <u>આગામી વર્ષ (તા.૧–૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬) પૂર્વ તૈયારી</u>

(૧) <u>સંઘની જોડાણ ફી</u> :– આગામી વર્ષ માટે સંઘની જોડાણ ફી સભ્ય દીઠ રૂા.૨૦૦/– લેખે મોકલી આપવી, સાથે જિલ્લા ઘટક સંઘનું હોદ્દેદારોનું સમગ્ર માળખું/લીસ્ટ પણ મોકલી આપવું.

(૨) <u>સારસ્વત ફી</u> :– આગામી વર્ષ માટે સારસ્વતનું લવાજમ આપશ્રીએ મેળવી લેવાનું. આ માટે આપશ્રીને પહોંચ બુકો ટૂંક સમયમાં મોકલી આપીશું. જેટલી વ્યકિતઓ (આચાર્ય) ના સારસ્વતના લવાજમ વ્યકિત દીઠ (શાળા દીઠ) રૂા. ૨૦૦/– લવાજમ ફી ભરી પહોંચ મેળવી લેવાની અને તેનું પીન કોડ સાથેનું સરનામાનું વ્યવસ્થિત કોમ્પ્યુટર લીસ્ટ બે નકલમાં તૈયાર કરી અને મોકલી આપવું (૩૧–૦૧–૨૦૧૬ પછી લવાજમ સ્વીકારવામાં આવશે નહીં.)

* <u>નવી કલ્યાણ નિધિ યોજના :–</u> નવી કલ્યાણ નિધિ યોજના ચાલુ છે. રૂા.૧૦,૦૦૦/– ની ડિપોઝીટ મેળવી અને ફિકસ ડિપોઝીટ તૈયાર કરી, લીસ્ટ તૈયાર કરી અને માહિતી મોકલી આપશો.

યાદીની સાતત્યતા જળવાય રહે એટલા માટે નીચે જણાવેલ નમુના મુજબની માહિતી તૈયાર કરી મોકલવી.

| ક્રમ | આચાર્યનું નામ/ સરનામું | શાળાનું નામ/ સરનામું | વારસદારનું નામ/સરનામું | પહોંચ નંબર | રકમ |
|---|---|---|---|---|---|

<u>ખાસ નોંધ :–</u>

(૧) કલ્યાણ નિધિ યોજનામાં કોઈપણ આચાર્ય અવસાન પામે તો તેની સંપુર્ણ વિગત દિવસ–૧૫ માં મોકલી આપવી જેથી તેમને યોજનાના લાભો આપી શકીએ. ત્યાર પછી મળેલ માહિતી પર ધ્યાન આપવામાં આવશે નહીં અને તેની જવાબદારી ઘટક સંઘના પ્રમુખ/મંત્રીની રહેશે.

...૪...

* <u>નીચે જણાવેલ ડોકયુમેન્ટ મોકલવા :</u>

(૧) આચાર્યનું નામ, સરનામું, શાળાનું નામ, સરનામું, ઘરના સરનામા સાથે.

(૨) ડેથ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ–૨.

(૩) જિલ્લા ઘટક સંઘના સભ્યની પહોંચની ઝેરોક્ષ.

(૪) રાજય કલ્યાણ નિધિની પહોંચની ઝેરોક્ષ નકલ.

(૫) જિલ્લા ઘટક સંઘના ઠરાવની ઝેરોક્ષ. (મીનીટ બુકમાં કરવામાં આવેલ ઠરાવની ઝેરોક્ષ નકલ)

(૬) જિલ્લા ઘટક સંઘના ફોરવર્ડીંગ લેટર સાથે.

ઉપર મુજબની માહિતી તૈયાર કરી મોકલી આપવી.

**<u>સંભારણા માટે :–</u>** આગલા વર્ષોના જાહેરાતના પૈસા બાકી હોય તેમણે સત્વરે મોકલવી આપવા.

આગામી સાલે શૈક્ષણિક અધિવેશનમાં તેમજ આગામી વર્ષની વહીવટી સરળતા માટે પૂર્વ તૈયારી રૂપે આ પ્લાન બનાવેલ છે. આપ તમામ સહકાર આપશો તેવી આશા સાથે...

**<u>ખાસ નોંધ :– (રેડ લાઈન)</u>**

* અધિવેશનની માહિતી તા. ૨૫/૧૨/૨૦૧૫ સુધીમાં મોકલી આપવી ત્યાર પછી મળેલ માહિતી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

* <u>સારસ્વત યોજના</u> :– તા. ૩૧/૧/૨૦૧૬ પછી આ રકમ સ્વીકારવામાં આવશે નહીં અને ૩૧/૧/૨૦૧૬ સુધી મળેલ રકમ મુજબ સારસ્વત મોકલવામાં આવશે.

* <u>નવી કલ્યાણ નિધિ</u> :– નવી કલ્યાણ નિધિ યોજના ચાલુ છે. જે આચાર્ય મિત્રો નવી કલ્યાણ નિધિ યોજનામાં જે તારીખે રકમ જમા કરાવે ત્યાર પછીના એક વર્ષ પછી આ યોજનાનો લાભ મળશે.

ઉપરની તમામ માહિતી નીચે જણાવેલ સરનામાએ કુરિયર કરવી. ટપાલમાં કોઈપણ સંજોગોમાં મોકલવી નહીં. ટપાલથી મોકલાવેલ માહિતીની જવાબદારી જે તે જિલ્લાના પ્રમુખ/મહામંત્રીની રહેશે.

**<u>રાજકોટ</u>**

**એમ. એચ. અણદાણી**

ગોડ ગીફટ એપાર્ટમેન્ટ,

૪ થા માળે, બ્લોક નં. ૪૦૩,

૩ – વૈશાલીનગર, આમ્રપાલી ફાટક પાસે,

રાજકોટ.

મો.નં. ૯૮૭૯૪ ૯૦૬૦૩